તારીખ : 27/07/2026

# આ દેશ દેશના વીર જવાનોના કારણે સુરક્ષિત છે, દેશના શહીદોને વિનમ્ર નમન : મહેશ કસવાલા

## કારગિલના શહીદોના શૌર્ય, અટલજીના દૃઢ નેતૃત્વ અને ભારતીય સેનાના અપરાજિત પરાક્રમને યાદ કરી સાવરકુંડલામાં શહીદ વંદના કાર્યક્રમ યોજાયો








યુવા પેઢીમાં રાષ્ટ્રભક્તિનો સંદેશ પ્રસરાવવા મોટી સંખ્યામાં બાળકો અને યુવાનોની ઉપસ્થિતિ

સાવરકુંડલા, તા. 26 જુલાઈકારગિલ વિજય દિવસ નિમિત્તે સાવરકુંડલા સ્થિત શહીદ સ્મારક ખાતે ભારતીય જનતા યુવા મોરચા દ્વારા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની આગેવાનીમાં ભાવભીની "શહીદ વંદના" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશની અખંડિતતા અને સુરક્ષા માટે પોતાના પ્રાણોનું સર્વોચ્ચ બલિદાન આપનાર અમર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, "આ દેશ દેશના વીર જવાનોના કારણે સુરક્ષિત છે. આપણે આજે સ્વતંત્ર અને નિર્ભય જીવન જીવી શકીએ છીએ તો તે આપણા સૈનિકોના અદમ્ય શૌર્ય, ત્યાગ અને સમર્પણના કારણે શક્ય બન્યું છે. દેશના દરેક શહીદને હું હૃદયપૂર્વક વિનમ્ર નમન કરું છું."તેમણે કારગિલ યુદ્ધના ઈતિહાસને યાદ કરતાં જણાવ્યું કે વર્ષ 1999માં પાકિસ્તાની ઘૂસણખોરોએ કારગિલની ઊંચી પહાડીઓ પર ગેરકાયદેસર કબજો જમાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય સેનાએ અદ્વિતીય શૌર્ય અને અસાધારણ પરાક્રમ સાથે 'ઓપરેશન વિજય' હાથ ધરી દુશ્મનોને પરાસ્ત કર્યા અને ભારતની એક ઈંચ જમીન પણ છોડ્યા વિના તિરંગાનો ગૌરવ ફરી સ્થાપિત કર્યો. ટાઈગર હિલ, તોલોલિંગ અને અન્ય વ્યૂહાત્મક શિખરો પર ભારતીય સેનાએ જીતનો ઈતિહાસ રચ્યો, જેના કારણે સમગ્ર વિશ્વે ભારતીય સેનાની બહાદુરીને સલામ કરી.શ્રી કસવાલાએ જણાવ્યું કે તે સમયના વડાપ્રધાન ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીજીના દૃઢ અને દૂરંદેશી નેતૃત્વે સમગ્ર દેશને એકતા અને આત્મવિશ્વાસ સાથે જોડ્યો હતો. શાંતિની પહેલ કર્યા છતાં જ્યારે દેશની સરહદ પર પડકાર ઊભો થયો ત્યારે અટલજીએ રાજકીય ઈચ્છાશક્તિ અને મજબૂત નિર્ણયક્ષમતાથી ભારતીય સેનાને જરૂરી તમામ સ્વતંત્રતા અને સમર્થન આપ્યું. પરિણામે ભારતે વિશ્વ સમક્ષ પોતાની સૈનિક શક્તિ, રાજદ્વારી પરિપક્વતા અને રાષ્ટ્રીય સંકલ્પનું અનોખું ઉદાહરણ રજૂ કર્યું.તેમણે વધુમાં ઉમેર્યું કે ભારતીય સૈનિક માત્ર સરહદનો પ્રહરી નથી, પરંતુ દેશના દરેક નાગરિકના વિશ્વાસ, સુરક્ષા અને સ્વાભિમાનનો રક્ષક છે. તહેવાર હોય કે પરિવારની ખુશી, કડકડતી ઠંડી હોય કે હિમવર્ષા અથવા દુર્ગમ પહાડો—ભારતનો જવાન પોતાના પરિવારથી દૂર રહીને માતૃભૂમિની રક્ષા માટે સતત તત્પર રહે છે. દેશના દરેક નાગરિકની ફરજ છે કે શહીદોના બલિદાનને ક્યારેય ભૂલ્યા વિના રાષ્ટ્રસેવાની ભાવનાને જીવનમાં ઉતારે.કાર્યક્રમમાં નગરપાલિકાના અધ્યક્ષ શ્રીમતી નયનાબેન કાપડિયા, ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ શ્રી અનિરુદ્ધસિંહ રાઠોડ, ભારતીય જનતા યુવા મોરચાના જિલ્લા મહામંત્રી શ્રી શિવાંગ ત્રિવેદી, યુવા મોરચા મંડળ અધ્યક્ષ શ્રી કિશન ત્રિવેદી, નગરપાલિકાના પદાધિકારીઓ, પક્ષના હોદ્દેદારો, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં બાળકો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી બે મિનિટનું મૌન પાળી અમર શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ *"ભારત માતા કી જય", "વંદે માતરમ" અને "અમર રહો શહીદો"*ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું અને ઉપસ્થિત સૌએ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય સુરક્ષા માટે હંમેશા સમર્પિત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

# અમરેલી કલેક્ટરને અપાયું પ્રાર્થના પત્ર: ગો માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા ગૌભક્તોનો હુંકાર

## જગતજનની ગો માતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરો: અમરેલીમાં સંતો અને હજારો ગૌભક્તોનો ઐતિહાસિક હુંકાર




સમગ્ર ભારતવર્ષના તમામ જિલ્લાઓમાં એકસાથે અપાયું આવેદન,*અમરેલી:*ભારતીય સંસ્કૃતિના પ્રાણ સમાન, વેદો અને પુરાણોમાં પૂજનીય તથા 'જગતજનની' તરીકે પૂજાતી ગો માતાને સત્વરે દેશના સર્વોચ્ચ માન સમાન *"રાષ્ટ્રમાતા"* નો દરજ્જો આપવામાં આવે તેમજ ગૌવંશની સુરક્ષા અને સંવર્ધન માટે કડક કાનૂની જોગવાઈ કરી ગૌહત્યા પર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવે તેવી પ્રચંડ અને દ્રઢ માંગ સાથે આજરોજ અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક ભવ્ય અને વિશાળ પ્રાર્થના પત્ર પાઠવાયું હતું.સમગ્ર ભારતવર્ષના તમામ રાજ્યોના તમામ જિલ્લાઓમાં એકસાથે, એક જ સમયે અને એક જ પવિત્ર સંકલ્પ સાથે પૂજ્ય સંતો-મહાત્માઓના દિવ્ય માર્ગદર્શન હેઠળ આ મહાઅભિયાનનો પ્રારંભ થયો છે. જેના ભાગરૂપે અમરેલી જિલ્લામાં પણ સંતો-મહંતોની આગેવાની હેઠળ હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેલા તેજસ્વી ગૌભક્તો, ધર્મપ્રેમી નાગરિકો અને સત્ય સનાતન સંસ્કૃતિના રક્ષકોએ કલેક્ટરશ્રીને આવેદન પત્ર પાઠવી દેશવ્યાપી સંકલ્પને બળ પૂરું પાડ્યું હતું. અમરેલી જિલ્લાના ગૌ સેવકો દ્વારા કુલ *૨,૫૩,૪૦૦* જેટલા હસ્તાક્ષરો સાથે આ આવેદન પત્ર સમર્પિત કરવામાં આવ્યું હતું, જે જિલ્લાની ગૌભક્તિનો અદભૂત પુરાવો છે.આજરોજ સવારે ૧૧:૧૫ કલાકે અમરેલી કલેક્ટર કચેરી ખાતે પ્રાર્થના પત્ર આપવાની પવિત્ર પ્રક્રિયા શરૂ થઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત સંગમ ફાઉન્ડેશન ટ્રસ્ટ ના પ્રમુખ વિવેકભાઈ તળાવીયાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, યુગ યુગથી જીવ માત્રના કલ્યાણ અને અન્ન-ધન તથા આરોગ્યની રક્ષા માટે ગૌ માતાનું યોગદાન અતુલ્ય રહ્યું છે. ભારતીય સનાતન સંસ્કૃતિમાં ગૌ સેવા એ જ સાચી ઈશ્વર સેવા છે.આ પવિત્ર અભિયાન અંતર્ગત દેશના ખૂણે-ખૂણેથી અને ગામે-ગામથી કરોડો નાગરિકો રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને સંબોધીને પ્રાર્થના પત્ર પાઠવી



રહ્યા છે. સાથે જ www.gausamman.cloud વેબસાઈટ પર ઓનલાઈન માધ્યમથી પણ કરોડો નાગરિકો જોડાઈને ગો માતાના સમર્થનમાં પોતાનો અવાજ બુલંદ કરી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ અને ગૌવંશના ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે ગો માતાને સત્તાવાર રીતે *"રાષ્ટ્રમાતા"* જાહેર કરવામાં આવે. તેમજ સમગ્ર દેશમાં ગૌવંશની હત્યા કરનારાઓ સામે આડેધડ કડક કાનૂની સજા અને ફાંસી જેવી સખત જોગવાઈ લાગુ કરવામાં આવે. વધુમાં ગૌવંશના સર્વાંગી વિકાસ, સંવર્ધન અને રક્ષણ માટે કેન્દ્ર સરકાર દ્વારા એક *અલગ ગૌ મંત્રાલય*ની સ્થાપના કરવામાં આવે. તેવી માંગ સાથે પ્રાર્થના પત્ર અપાયું હતું

## ૨,૫૩,૪૦૦ હસ્તાક્ષર સાથે જિલ્લા કલેક્ટરને પાઠવાયું ભવ્ય પ્રાર્થના પત્ર; દેશવ્યાપી મહાઅભિયાનને મળ્યું વ્યાપક સમર્થન

તારીખ : 27/07/2026

# સાવરકુંડલામાં માર્ગ નિર્માણ કામગીરીનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સ્થળ નિરીક્ષણ




સાવરકુંડલા શહેરના ભૂવા રોડ પર ચાલી રહેલા માર્ગ નિર્માણ કાર્યનું સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું.આ તકે તેમણે માર્ગ નિર્માણ કાર્યની ગુણવત્તા, કામગીરીની ગતિ તેમજ સમયમર્યાદામાં કામ પૂર્ણ થાય તે અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ સ્થાનિક નાગરિકોને વધુ સુવિધાજનક, મજબૂત અને ગુણવત્તાસભર માર્ગ સુલભ બને તે માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.



કે.ડી NEWS

તારીખ : 27/07/2026

# સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડના પીડિતો માટે ગુજરાત સરકારની નવી પહેલ : હવે ઘરબેઠા જ નોંધાશે 'e-Zero FIR'



સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડના વધતા બનાવોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે નાગરિકોને ઝડપી અને સરળ ન્યાય મળી રહે તે માટે 'e-Zero FIR' નામની નવી ડિજિટલ સુવિધાનો પ્રારંભ કર્યો છે. આ નવી વ્યવસ્થાથી હવે સાયબર છેતરપિંડી કે ઓનલાઈન નાણાકીય ઠગાઈનો ભોગ બનેલા નાગરિકોએ પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં.આ સુવિધા હેઠળ સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરિકોએ તાત્કાલિક રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર ફોન કરીને ફરિયાદ નોંધાવવાની રહેશે. ફરિયાદની વિગતો નોંધાતાં જ સિસ્ટમ દ્વારા આપોઆપ e-Zero FIR જનરેટ થશે. ત્યારબાદ તેની માહિતી સીધી સંબંધિત પોલીસ સ્ટેશન અને સાયબર ક્રાઈમ સેલ સુધી પહોંચશે, જેથી તપાસની કાર્યવાહી ઝડપથી શરૂ થઈ શકે અને ફ્રોડ થયેલી રકમને સમયસર રોકી અથવા પરત મેળવવાના પ્રયાસોને વધુ અસરકારક બનાવી શકાય.આ નવી ડિજિટલ સેવાનું વિધિવત લોન્ચિંગ ગાંધીનગર ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારનું માનવું છે કે આ પહેલથી સાયબર ગુનાઓ સામે ઝડપી કાર્યવાહી શક્ય બનશે તેમજ પીડિતોને ત્વરિત સહાય ઉપલબ્ધ થશે.ગુજરાત સરકાર દ્વારા નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે સાયબર ફ્રોડની ઘટના બને તો વિલંબ કર્યા વગર તરત જ 1930 હેલ્પલાઈન પર સંપર્ક કરીને ફરિયાદ નોંધાવે, જેથી સમયસર કાનૂની કાર્યવાહી શરૂ કરી શકાય.

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

# રાજ્યમાં આગામી ૪૮ કલાક ભારે વરસાદની આગાહી: ઉત્તર ગુજરાતમાં રેડ-ઓરેન્જ એલર્ટ, અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ



રાજ્યમાં સક્રિય બનેલી બે હવામાન પ્રણાલીઓના પ્રભાવના કારણે આગામી ૪૮ કલાક દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓ માટે રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરતાં તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.હવામાન વિભાગની આગાહી મુજબ વાવ-થરાદ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે અમરેલી, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, આણંદ, ખેડા, વડોદરા, ભરૂચ અને તાપી જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા વરસાદને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.હવામાન નિષ્ણાતોએ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને અનાવશ્યક બહાર ન નીકળવા, નદી-નાળા અને જળાશયો નજીક સાવચેતી રાખવા તેમજ ખેડૂતોને ખેતરોમાં પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા અપીલ કરી છે.હવામાન વિભાગના અનુમાન મુજબ ૨૮ અને ૨૯ જુલાઈ દરમિયાન વરસાદની તીવ્રતામાં થોડો ઘટાડો થઈ શકે છે. જોકે 30 જુલાઈએ દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ફરી એકવાર ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના નાગરિકોને હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા અને સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

તારીખ : 27/07/2026

# બગસરામાં 4 સિંહો દેખાયા

# ગાયનું મારણ કરી કબ્રસ્તાન પાસે આરામ, ખેડૂતોમાં ભય



અમરેલી જિલ્લાના બગસરામાં ચાર સિંહો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો છે. એક સિંહ, એક સિંહણ અને બે બચ્ચા સહિતના આ પરિવારે એક બિનવારસી ગાયનું મારણ કર્યું હતું.આ ઘટના બગસરાના મુસ્લિમ કબ્રસ્તાન પાસે આવેલી એક વાડીમાં બની હતી. ગાયનું મારણ કર્યા બાદ સિંહોએ મુસ્લિમ કબ્રસ્તાન વિસ્તારમાં આરામ કર્યો હતો.સિંહો જંગલ વિસ્તાર છોડીને રેવન્યુ વિસ્તારમાં આવી જતા લોકોમાં ચિંતા વ્યાપી છે. હાલમાં ખેતીની મોસમ ચાલુ હોવાથી ખેડૂતોમાં વિશેષ ભય અને સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સોનિકની ૧૦૦% ગેરંટી!!!

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ ‘ફ્રી’ ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

# સાવરકુંડલામાં જયા પાર્વતી વ્રતની શ્રદ્ધાભેર ઉજવણી



સાવરકુંડલા શહેરમાં પવિત્ર જયા પાર્વતી વ્રતની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ મંદિરોમાં વ્રતધારી મહિલાઓ અને કુંવારી યુવતીઓએ માતા પાર્વતી તથા ભગવાન શિવનું વિધિ-વિધાનપૂર્વક પૂજન-અર્ચન કરી પરિવારના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

હિન્દુ પરંપરા અનુસાર જયા પાર્વતી વ્રતનું વિશેષ ધાર્મિક મહત્વ માનવામાં આવે છે. કુંવારી યુવતીઓ સદાચારી અને યોગ્ય જીવનસાથીની પ્રાપ્તિ માટે આ વ્રત કરે છે, જ્યારે પરિણીત મહિલાઓ પોતાના પતિના દીર્ઘાયુષ્ય, અખંડ સૌભાગ્ય, દામ્પત્ય જીવનમાં સુખ-સમૃદ્ધિ અને પરિવારના કલ્યાણ માટે આ વ્રતનું પાલન કરે છે. શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતું આ વ્રત મનોકામનાઓ પૂર્ણ કરનારું અને ભગવાન શિવ-પાર્વતીના આશીર્વાદ પ્રાપ્ત કરાવનારું માનવામાં આવે છે.પૂજન દરમિયાન મહિલાઓએ પોતાના પરિવારના સુખાકારી, સારા સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સમાજમાં સુખ-શાંતિ જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી હતી. સાથે જ પોતાની મનોકામનાઓ પૂર્ણ થાય અને ભગવાન શિવ-પાર્વતીની કૃપા સૌના જીવન પર બની રહે તેવી ભાવભીની પ્રાર્થના પણ કરી હતી.સમગ્ર સાવરકુંડલા શહેરમાં જયા પાર્વતી વ્રત નિમિત્તે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો અને મંદિરોમાં દર્શન તથા પૂજન માટે શ્રદ્ધાળુઓની અવરજવર સતત ચાલુ રહી હતી.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

# રાજ્યમાં વરસાદની સ્થિતિની મુખ્યમંત્રી દ્વારા સમીક્ષા, ઉત્તર ગુજરાતમાં NDRF-SDRFની ટીમો તૈનાત




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ચાલુ વરસાદની સ્થિતિની સમીક્ષા કરવા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમણે અધિકારીઓ પાસેથી રાજ્યભરની વરસાદી પરિસ્થિતિ, રાહત અને બચાવ કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી.સમીક્ષા બેઠક દરમિયાન આગામી 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, વાવ-થરાદ અને બનાસકાંઠા જિલ્લાઓમાં વ્યાપક વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. આ સંજોગોમાં સ્થાનિક વહીવટીતંત્રને સહાયરૂપ થવા માટે NDRF અને SDRFની ટીમો તૈનાત કરવામાં આવી છે. સાથે જ સંબંધિત જિલ્લાઓના કલેક્ટરોને સંપૂર્ણ સતર્કતા રાખી જરૂરી પૂર્વ તૈયારીઓ સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપવામાં આવી છે.બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર ઘટતાં હવે રાહત અને પુનઃસ્થાપન કામગીરી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સની ચુકવણી શરૂ કરવામાં આવી છે અને ઘરવખરી સહાય પણ ઝડપથી પહોંચાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.મુખ્યમંત્રીએ વરસાદી પાણી ઓસર્યા બાદ તાત્કાલિક અસરથી સફાઈ કામગીરી, આરોગ્યલક્ષી પગલાં તેમજ નુકસાનનો સર્વે શરૂ કરવાની સૂચનાઓ પણ સંબંધિત અધિકારીઓને આપી છે.રાજ્યમાં વરસાદી પરિસ્થિતિને પગલે અત્યાર સુધીમાં 42 હજારથી વધુ લોકોને સલામત સ્થળોએ સ્થળાંતર કરાવવામાં આવ્યું હોવાનું પણ સમીક્ષા દરમિયાન જણાવવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખીને જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે જિલ્લા કક્ષાની શાળાકિય બેઝબોલ સ્પર્ધા..










સાવરકુંડલા, તા. 26 જુલાઈ, 2026શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે અમરેલી જિલ્લાના અંડર-14 તથા અંડર-17 તથા અંડર 19 વયજૂથના વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાની બેઝબોલ સ્પર્ધા ભાઈઓ તથા બહેનો માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી કુલ 230 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.સ્પર્ધાનું ઉદ્ઘાટન સાવરકુંડલા, લીલીયા વિસ્તાર ના માનનીય ધારાસભ્ય, તેમજ  ગુજરાત સરકાર ના બેઝબોલ રમત ના પ્રમુખ શ્રી મહેશભાઈ કસવાલા તથા સંસ્થાના કોઠારી પૂજ્ય અક્ષર મુક્ત દાસજી સ્વામીના વરદ હસ્તે  કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે માનનીય ધારાસભ્ય શ્રી એ રમતગમતના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે રમતગમત વિદ્યાર્થીઓમાં શારીરિક સ્ફૂર્તિ, માનસિક મજબૂતાઈ, શિસ્ત, ટીમ ભાવના અને નેતૃત્વના ગુણોનો વિકાસ કરે છે. તેમણે તમામ ખેલાડીઓને ખેલદિલીથી રમી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી સાથે આજના કારગિલ યુદ્ધના વિજય દિવસ પર શહીદો ને ભાવાંજલિ પાઠવી હતી..સ્પર્ધામાં અમરેલી જિલ્લા રમતગમત અધિકારી અને સિનિયર કોચ પૂનમ મેડમ, અમરેલી પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી અશરફભાઈ કુરેશી સાહેબ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધ સિંહ રાઠોડ, ભાજપ અગ્રણી નેતા શ્રી પ્રવિણભાઈ સાવજ, રાજેશભાઈ નાગ્રેચા, પૂર્વ પ્રમુખ શ્રી મેહુલભાઈ ત્રિવેદી,શિવાંગભાઈ, કે.કે.હાઈ સ્કૂલ ના આચાર્ય શ્રી ગુજરિયાસાહેબ, એ.કે.ઘેલાણી હાઈ સ્કૂલ ના આચાર્ય શ્રી દિપેશભાઈ પંડ્યા, સંસ્થા ના ડાયરેક્ટ શ્રી વ્યાસ સાહેબવિગેરે મહેમાનો હાજર રહ્યા હતા.સ્પર્ધાના સફળ આયોજનમાં ગુરુકુળ શાળાના કોચ શ્રી દીપકભાઈ વાળા તથા શ્રી ઝાલાભાઈએ મહત્વપૂર્ણ માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો.આજની આ સ્પર્ધા માં અંડર 14,17,19 ભાઈઓ અને બહેનો બંને માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ અંગ્રેજી મિડીયમ શાળા વિજેતા બની હતી જ્યારે રનર અપ તરીકે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ની શ્રીમતી એ. કે. ઘેલાણી માધ્યમિક વિધાલય જાહેર થઈ હતી જ્યારે દ્રિતીય વિજેતા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક વિદ્યાલય રહી હતી તેમજ અંડર 19 માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, કોમર્સ વિભાગ પ્રથમ ક્રમે વિજેતા જાહેર કરવામાં આવેલ...70 મી અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધાનું તમામ આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધા માં ગુરુકુળ શાળા ના કોચ તરીકે દીપકભાઈ વાળા, ઝાલા દિગ્વિજય સિંહ તેમજ અમ્પાયર તરીકે સેવા આપનાર ઝાલા ધર્મરાજસિંહ, રાઠોડ વિશ્વરાજ, રાઠોડ હર્ષદ સિંહ, ત્રિવેદી નીરજ, ચોડવાડિયા ખુશી અને શ્રુતિબેન દ્વારા કરવામાં આવેલ.આ પ્રસંગે સંસ્થાના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી અને સંસ્થા નાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા.સંસ્થા ના આચાર્ય શ્રી હરેશભાઈ મહેતા, કમલેશભાઈ ચુડાસમા, કૌશિકભાઈ ગોસ્વામી, વૈશાલીબેન પટેલ અને ગૌરાંગભાઈ મહેતા,શિક્ષકગણ, રમતગમત સાથે જોડાયેલા મહાનુભાવો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને શિસ્તબદ્ધ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.કે. NEWS

તારીખ : 27/07/2026

# શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલામાં BIS સ્ટાન્ડર્ડ ક્લબ અંતર્ગત માનાંક લેખન સ્પર્ધાનું આયોજન

ભારતીય માનક બ્યુરો (Bureau of Indian Standards - BIS) દ્વારા શાળાઓમાં કાર્યરત સ્ટાન્ડર્ડ ક્લબ અંતર્ગત શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલામાં વિદ્યાર્થીઓમાં ગુણવત્તા, સલામતી અને માનકીકરણ પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી "માનાંક લેખન પ્રતિભા યોગ્યતા" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનો પ્રારંભ શાળાના આચાર્ય શ્રી ચેતનભાઈ ગુજરીયા તથા BISના અધિકારી શ્રી અભિનવ સરના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌએ પ્રાર્થના દ્વારા કાર્યક્રમને શુભ શરૂઆત આપી હતી.આ પ્રસંગે BISના અધિકારી શ્રી અભિનવ સરએ વિદ્યાર્થીઓને ભારતીય માનક બ્યુરોની કામગીરી, વિવિધ ઉત્પાદનો માટેના ભારતીય માનકો, ગુણવત્તાયુક્ત ઉત્પાદનોની ઓળખ, ISI માર્કનું મહત્વ તેમજ દૈનિક જીવનમાં માનકોનું સ્થાન વિશે સરળ અને રસપ્રદ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત અને પ્રમાણિત વસ્તુઓનો ઉપયોગ કરવાની પ્રેરણા પણ આપવામાં આવી હતી.કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પ્રેસર કુકરના ભારતીય માનક (સ્ટાન્ડર્ડ) અંગે માનાંક લેખન પ્રવૃત્તિ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રેસર કુકરના વિવિધ સુરક્ષા ધોરણો, ગુણવત્તાના માપદંડો અને ઉપયોગી માહિતીનું સુંદર લેખન રજૂ કર્યું હતું.BIS સ્ટાન્ડર્ડ ક્લબના મેન્ટર શિક્ષકો શ્રી સાગરભાઈ વાડોદરિયા તથા શ્રી અજયભાઈ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને BISની વિવિધ પ્રવૃત્તિઓ, સ્ટાન્ડર્ડ ક્લબના ઉદ્દેશો અને માનકીકરણના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓમાં ગુણવત્તા પ્રત્યે જાગૃતિ અને વૈજ્ઞાનિક અભિગમ વિકસે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ માટે નાસ્તાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક સમગ્ર




કાર્યક્રમમાં ભાગ લીધો હતો.કાર્યક્રમના અંતે વિજ્ઞાન શિક્ષક શ્રી સાગરભાઈ વાડોદરિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા બદલ B I S ના અધિકારીઓ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તેમજ સહયોગી તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન કામદાર, ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા સમગ્ર ટ્રસ્ટીમંડળ દ્વારા કાર્યક્રમના સફળ આયોજન બદલ B I S ના અધિકારીશ્રી, શાળાના આચાર્યશ્રી, સ્ટાન્ડર્ડ ક્લબના મેન્ટર શિક્ષકો તથા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓમાં ગુણવત્તા, સલામતી અને માનકીકરણ અંગે જાગૃતિ લાવતી આવી પ્રવૃત્તિઓ સતત યોજાતી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

કે.ડી. NEWS
તારીખ : 27/07/2026

## લાઠીમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો:

# વિદ્યાર્થીઓને ઓનલાઈન છેતરપિંડીથી બચવા માર્ગદર્શન અપાયું



લાઠીની કલાપી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓ અને ઓનલાઈન છેતરપિંડીથી બચાવવા માટે એક વિશેષ સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ લાઠી પોલીસ પી.આઈ. એમ.બી. ઔસુરા દ્વારા યોજાયો હતો.આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન નાણાકીય છેતરપિંડી અને સાયબર ક્રાઈમનો ભોગ ન બનવા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોલીસે સાયબર ગુનાઓના વિવિધ પ્રકારો અને તેનાથી થતા નુકસાન વિશે વિસ્તૃત સમજૂતી આપી હતી.વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો, અજાણી લિંક્સ પર ક્લિક ન કરવા અને ઓનલાઈન ગેમિંગ કે અન્ય માધ્યમો દ્વારા થતા સાયબર ફ્રોડથી કેવી રીતે બચી શકાય તે અંગે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું.

પોલીસ અધિકારીઓએ વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડના વિવિધ કિસ્સાઓ અને તેનાથી બચવાના ઉપાયો વિશે માહિતગાર કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈપણ ઓનલાઈન છેતરપિંડી થાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવો અથવા સાયબર હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવો.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 27/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી




અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા
## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

# બગસરા સરકારી હોસ્પિટલ ખાતે ડાયાલિસિસ સેન્ટરનો પ્રારંભ, દર્દીઓને મળશે મોટી રાહત



અમરેલી જિલ્લાના બગસરાની સરકારી હોસ્પિટલ ખાતે લાંબા સમયથી પ્રતીક્ષિત ડાયાલિસિસ સેન્ટરનો આગામી મંગળવારથી વિધિવત પ્રારંભ કરવામાં આવશે. આ નવી આરોગ્યસુવિધા શરૂ થતાં બગસરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના કિડનીના દર્દીઓને સારવાર માટે અન્ય શહેરોમાં જવાની ફરજ નહીં પડે અને સ્થાનિક સ્તરે જ જરૂરી સારવાર ઉપલબ્ધ બનશે.ઉલ્લેખનીય છે કે હોસ્પિટલના લોકાર્પણ સમયે રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા ડાયાલિસિસ વિભાગ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે લાંબા સમય સુધી આ સુવિધા કાર્યરત ન થતાં સ્થાનિક સ્તરે રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારબાદ તંત્રએ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવાનો નિર્ણય લીધો છે.ડાયાલિસિસ સેન્ટર શરૂ થતાં કિડનીના દર્દીઓને સમયસર અને સુલભ સારવાર મળશે. અત્યાર સુધી દર્દીઓને સારવાર માટે દૂરના શહેરોમાં જવું પડતું હોવાથી સમય, ખર્ચ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે બગસરામાં જ આ સુવિધા ઉપલબ્ધ બનતા દર્દીઓ અને તેમના પરિવારજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

તારીખ : 27/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## હવે બનશે આપના ધંધા ની

## ડીઝીટલ પ્રોફાઇલ

### દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

### જેમાં આપને મળશે..

* તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
* તમારા ધંધાનું ઓનલાઇન માર્કેટ
* ગ્રાહકો સાથે સીધી વાત
* ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
* મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
* ગ્લોબલ ટાર્ગેટ ઓડીયન્સ
* વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

### મુખ્ય સુવિધાઓ

* અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડકટ
* વિડીયો ગેલેરી
* કોન્ટેકટ ડીટેઈલ્સ
* વોટસઅપ ડાયરેકટ ચેટ
* ક્લિક ટુ કોલ
* ગુગલ મેપ લોકેશન
* બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
* કસ્ટમર રિવ્યુઝ
* સોશયલ મિડીયા લિંક્સ
* મોબાઈલ ફ્રેન્ડલી ડીઝાઈન

વધુ વિગત માટે વાંચતા રહો...

કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

# ભારત રત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામજી આજે પુણ્યતિથિ




ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, ભારત રત્ન અને વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામજીની પુણ્યતિથિ નિમિત્તે દેશભરમાં તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે.ડૉ. કલામે પોતાના અદ્વિતીય વૈજ્ઞાનિક યોગદાન, દૂરંદેશી નેતૃત્વ અને અથાક પરિશ્રમ દ્વારા ભારતના વિજ્ઞાન, અવકાશ અને સંરક્ષણ ક્ષેત્રને નવી દિશા અને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યું હતું. અગ્નિ અને પૃથ્વી જેવી મિસાઈલોના વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનને કારણે તેઓ સમગ્ર વિશ્વમાં "મિસાઈલ મેન ઓફ ઈન્ડિયા" તરીકે પ્રસિદ્ધ થયા હતા.સરળ જીવન, ઉચ્ચ વિચારો અને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી ઓતપ્રોત ડૉ. કલામ હંમેશા યુવા પેઢીને મોટા સપનાઓ જોવા અને તેને સાકાર કરવા માટે પ્રેરિત કરતા રહ્યા હતા.

તેમનું જીવન, કાર્યશૈલી અને મૂલ્યો આજે પણ લાખો યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે.ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામજીના ઉચ્ચ આદર્શો, સાદગી, દેશભક્તિ અને પ્રગતિશીલ વિચારધારા દેશવાસીઓને સતત પ્રેરણા આપતી રહેશે. તેમની પુણ્યતિથિએ દેશ તેમના અમૂલ્ય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પ્રકાશ પ્રિન્ટર્સ

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

## માત્ર 249 1 વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ**
**(આપની ચોઈસની)**

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

## સાથે મેળવો

**અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....**

**દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્સશીપ લીધેલ) આકર્ષક ભેટ આપવામાં આવશે.**

**તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને**

# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

તારીખ : 27/07/2026

# જાફરાબાદ પોલીસે સાયબર છેતરપિંડીના રૂ. 23,000 પરત અપાવ્યા:'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ અરજદારને સફળતા મળી




જાફરાબાદ પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા એક અરજદારને ગુમાવેલા રૂપિયા 23,000 સફળતાપૂર્વક પરત અપાવ્યા છે. આ કાર્યવાહીથી અરજદારને ન્યાય મળ્યો છે.આ કામગીરી ભાવનગર રેન્જ પોલીસ મહાનિરીક્ષક શ્રી આર.વી. અસારી અને અમરેલી એસપી શ્રી સંજય ખરાતની સૂચનાથી કરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડિયાના માર્ગદર્શન હેઠળ જાફરાબાદ પોલીસે આ તપાસ હાથ ધરી હતી.અરજદાર સાથે સાયબર છેતરપિંડી થતાં જ તેમણે તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન નંબર પર ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ જાફરાબાદ પોલીસ સ્ટેશનને મળતા પોલીસે તુરંત તપાસ શરૂ કરી હતી.તપાસના ભાગરૂપે, જાફરાબાદ પોલીસે જાફરાબાદ કોર્ટ સમક્ષ જરૂરી અરજી કરી હતી. નામદાર કોર્ટના હુકમના આધારે, અરજદારને તેમના ગુમાવેલા રૂપિયા 23,000 સફળતાપૂર્વક પરત મળ્યા હતા.આ સફળ કામગીરીમાં જાફરાબાદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. દેસાઈ, હેડ કોન્સ્ટેબલ રવિરાજ હસમુખભાઈ મોડાસિયા અને આઈ.ટી. એક્સપર્ટ હર્ષિલ નલગેએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## Akshay Ashokbhai kotadiya

Rajkot municipal corporation (mphw )

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## માહિર અબ્દુલભાઈ બેલીમ
## દોસ્ત સાયકલ સ્ટોર
## સાવરકુંડલા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## ધ્યેય પિયુષભાઈ જોષી

HAPPY BIRTHDAY



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરૂદેવ કહે છે...

"આપણે જે પણ બોલવા માગતા હોઈએ એ બોલી શકીએ એ આપણું નસીબ છે, પણ હિતકારી, મિતકારી અને પ્રિયકારી જ બોલતા રહીએ એ આપણી પાત્રતા છે, તાકાત છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 27/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva

**3466**
**27/07/2026**
**Monday**

## आत्मा

"पवित्र आत्मा" को शरीर की समस्या नहीं होती ऐसा नहीं है, पर उसके लिये महत्वपूर्ण नहीं होती है,

बाबास्वामी
27/7/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 27/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**વડીલ:** "મોબાઈલ ઓછો વાપર."**દીકરો:** "બરાબર."
"આ વાત વોટ્સએપ પર મોકલી દેજો, યાદ રહેશે!" .....

**મિત્ર:** "તારું ઘડિયાળ બંધ કેમ છે?"**બીજો:** "સમય જ ખરાબ ચાલે છે, ઘડિયાળને શું દોષ આપું!" .....

**ડૉક્ટર:** "વધારે આરામ કરો."
**દર્દી:** "એટલે ઓફિસ ન જાઉં?"
**ડૉક્ટર:** "હું દવા લખું છું, બહાના નહીં!"

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 27/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 27 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૮૬૬ – એટલાન્ટિક કેબલ સફળતાપૂર્વક પથરાયો, જેના દ્વારા પ્રથમ વખત એટલાન્ટિક પાર તાર સંદેશાવ્યવહાર પ્રસ્થાપિત થયો.

૧૮૯૦ – વિન્સેન્ટ વેન ગોને રિવોલ્વર દ્વારા પોતાની જાતને છાતીમાં ગોળી મારી, બે દિવસ બાદ મૃત્યુ પામ્યા.

૧૯૨૧ – બાયોકેમિસ્ટ ફ્રેડરિક બેન્ટિંગની આગેવાની હેઠળના યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોના સંશોધકોએ સાબિત કર્યું કે ઈન્સ્યુલિન અંતસ્ત્રાવ લોહીમાં શર્કરાના પ્રમાણને નિયંત્રિત કરે છે.

૧૯૨૯ – યુદ્ધકેદીઓની સારવાર સંબંધિત ખરડા પર ૧૯૨૯ના જિનેવા સંમેલનમાં ૫૩ દેશોએ હસ્તાક્ષર કર્યા.

## જન્મ

૧૮૯૦ – રામલાલ ચુનીલાલ મોદી, ગુજરાતી લેખક, સંશોધક, સમીક્ષક અને ઈતિહાસકાર (અ. ૧૯૪૯)

૧૯૧૩ – કલ્પના દત્ત, ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર (અ. ૧૯૯૫)

૧૯૧૪ – પિંગળશી બ્રહ્માનંદ ગઢવી, ગુજરાતી લોક ગાયક અને લોકસાહિત્યકાર (અ. ૧૯૯૮)

૧૯૬૦ – ઉદ્ધવ ઠાકરે, ભારતીય રાજકારણી

૧૯૬૭ – રાહુલ બોસ, ભારતીય અભિનેતા, પટકથા લેખક, દિગ્દર્શક, સામાજિક કાર્યકર

## અવસાન

૧૯૬૨ – પુનિત મહારાજ, ગુજરાતના સંત અને ભજનિક, જનકલ્યાણ માસિકના સ્થાપક (જ. ૧૯૦૮)

૧૯૯૨ – અમજદ ખાન, ભારતીય ચલચિત્ર અભિનેતા (જ.૧૯૪૦)

૨૦૧૫ – ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક (જ.૧૯૩૧)

તારીખ : 27/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 27/07/2026

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 27/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 53K | 39K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**